અપીલ અરજી નં.૩૬૧ તા.૨૦–૧–૧૦

અરજદાર: શ્રી અલ્કેશ.પી. વાઘેલા
સામાવાળા: ઝોનલ ચીફ અને જાહેર માહિતી અધિકારી રાંદેર ઝોન

ફરીયાદની હકીકતઃ–

**વિષય :**– આરટીઆઈ એકટ હેઠળ શ્રી અલ્કેશ.પી. વાઘેલાની તા.૧૬–૧૧–૦૯ ની અરજીથી ટી.પી. ૧૩ અડાજણ ફા.પ્લોટ નં.૨૪૨, ૨૫૨ રાધાકૃષ્ણ સોસાયટી જેના સબપ્લોટ નં. ૧ ,૩૫,૩૬ રસ્તાની કપાતમાં આવે છે કે કેમ? આવતા હોય તો નકશાની નકલ આપવા બાબત.
**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૨૦–૧–૧૦ ની અપીલ અરજી નં.૩૬૧/૨૦૦૯–૧૦

શ્રી અલ્કેશ.પી. વાઘેલાની તા.૧૬–૧૧–૦૯ ની અરજીથી ટી.પી. ૧૩ અડાજણ ફા.પ્લોટ નં.૨૪૨, ૨૫૨ રાધાકૃષ્ણ સોસાયટી જેના સબપ્લોટ નં.૧,૩૫,૩૬ રસ્તાની કપાતમાં આવે છે કે કેમ? આવતા હોય તો નકશાની નકલ આપવા બાબતે ઝોનલ ચીફ અને જાહેર માહિતી અધિકારી રાંદેર ઝોનના પત્ર નં.વેસ્ટઝોન/આરટીઆઈ/૪૯૦ તા.૭–૧૨–૦૯ થી આપેલ માહિતીના મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૦–૧–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની તથા આરટીઆઈ એકટની કલમ ૪(૧) બી હેઠળ આ પ્રકારની માહિતી સ્વયં જાહેર કરવા યોગ્ય કક્ષામાં વેબ સાઈટ પર મુકવા યોગ્ય છે. તેમજ કલમ ૪(૧) સી તથા ડી અનુસર અગત્યની નીતિ ઘડતર કે નિર્ણયો વેળા જાહેર જનતાને અસરકર્તા બાબતોમાં સબંધિત સઘળી હકીકતો પ્રસિધ્ધ કરવાની તથા વહીવટી તથા અર્ધન્યાયિક નિર્ણયો અંગે અસરકર્તા ને કારણો આપવાની જોગવાઈ પ્રસ્તુત કિસ્સામાં અનુસરવામાં આવેલ છે કે કેમ? તે વિગતો સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૨૨૯ તા.૩૦–૧–૧૦ થી ઝોનલ ચીફ અને જાહેર માહિતી અધિકારી રાંદેર ઝોન તથા અરજદારને જાહેર માહિતી અધિકારીના તા.૭–૧૨–૦૯ ના પત્ર અનુસાર ફી ભરી માહિતી મેળવેલ છે કે કેમ? તે જણાવવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી કોઈ માહિતી અત્રેના વિભાગને પહોંચતી કરવામાં આવેલ નથી. જયારે અરજદારના તા.૬–૨–૧૦ ના પત્રથી માહિતી પહોંચતી કરવામાં આવેલ. પરંતુ તેની સાથે મુળ અરજીની ફી ભર્યાની વિગત મોકલેલ નથી. જાહેર માહિતી અધિકારી કક્ષાએથી અરજદારની સહી વિનાની અરજીની નકલ મોકલેલ છે.

અરજદારની તા.૧૬–૧૧–૦૯ ની અરજીથી ટી.પી. ૧૩ અડાજણ ફા.પ્લોટ નં.૨૪૨, ૨૫૨ રાધાકૃષ્ણ સોસાયટી જેના સબપ્લોટ નં.૧,૩૫,૩૬ રસ્તાની કપાતમાં આવે છે કે કેમ? આવતા હોય તો નકશાની નકલ આપવા જણાવેલ જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.વેસ્ટઝોન /આરટીઆઈ/૪૯૦ તા.૭–૧૨–૦૯ થી જણાવેલ કે અત્રેના ઉપલબ્ધ રેકર્ડની અકાસણી કરતા ટી.પી.૧૩ (અડાજણ)ના ફા.પ્લોટ નં.૨૪૨,૨૫૨, રાધાકૃષ્ણ સોસાયટીનાં બાંધકામનાં પ્લાનની મંજુરી આપવામાં આવેલ હોવાનું જણાતુ નથી. ટી.પી. સ્કીમ નં.૧૩ (અડાજણ) ફા.પ્લોટ નં.૨૪૨ તથા ૨૫૨ નાં પાર્ટપ્લાનની નકલ અત્રેની કચેરીએ રૂા.૧૦૦૦/– ભર્યેથી મળી શકશે એમ જણાવેલ. અરજદારે તા.૬–૨–૧૦ ના પત્રમાં જણાવ્યા મુજબ ટી.પી.ના નકશાની જરૂર ન હોય નકશાના પૈસા ભરેલ નથી. અરજદારે અપીલ અરજીમાં ટી.પી.૧૩ ના સબ પ્લોટ નં.૧,૩૫,૩૬, રસ્તાની કપાતમાં આવે છે કે કેમ? તે બાબતે જવાબ મળેલ નથી એમ જણાવી અપીલ અરજી કેરલ છે.જાહેર માહિતી અધિકારીએ પાઠવેલ પ્રત્યુત્તર જોતાં પ્રશ્ન હેઠળની બાંધકામની પ્લાનની મંજુરી આપેલ નહીં હોવાનું જણાવેલ છે. તે જોતાં અરજદારે માંગેલ પ્લોટ વિશેની માહિતી આપવા અંગે નિશ્ચિતાનો પ્રશ્ન ઉપસ્થિત થાય. જાહેર માહિતી અધિકારી ધ્વારા અરજદારને પાર્ટ પ્લાનની નકલ રૂા.૧૦૦૦/– ભરી મેળવી લેવા જણાવેલ છે. અરજદારે નકશાની નકલ માંગેલ છે. તેમાં ટ્રેસીંગ કે એમોનીયાની નકલનો ઉલ્લેખ જણાતો નથી. તે ધ્યાને લેતાં દફતરી ઉપલબ્ધ પાર્ટ પ્લાનની ફોટો સ્ટેટ નકલની ખેરખર કિંમત આરટીઆઈ નિયમ–૫ હેઠળ અરજદારને ભરપાઈ કરાવવા જણાવવાનું રહે. જે નિર્દિષ્ટ રૂા.૧૦૦૦/– પાર્ટ પ્લાનની કિંમત સામે નોંધપાત્ર ઓછી અને વાસ્તવિક હોય શકે. આરટીઆઈ કાયદાની કલમ–૭(૩) હેઠળ ફી ભરવા જણાવેલ. બાબતે અરજદારની સમીક્ષા માટેની રજૂઆતને આધીન છે.

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૬–૧૧–૦૯ ની અરજીથી માંગવામાં આવેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી પુરી પડાયેલ છે. જે અંગે આરટીઆઈ એકટની કલમ–૭(૩) સાથે નિયમ–૫(બી) હેઠળ નમુના 'ગ' માં અરજદારને દિન–૭ માં સૂચિત કરી દફતરે ઉપલબ્ધ પાર્ટ પ્લાનની ફોટો સ્ટેટ કોપીની ખરેખર કિંમત ભરપાઈ કરી મેળવી લેવા જણાવવા કાર્યવાહી કરવા અને તેની જાણ અત્રે કરવા ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી રાંદેરઝોનને જણાવવામાં આવે છે.

અરજદાર ઈચ્છુક હોય તો જાહેર માહિતી અધિકારી કક્ષાએથી પત્ર મળ્યા બાદ તે મુજબ અનુસરવા સ્વતંત્ર છે. ફરીયાદમાં નિર્દિષ્ટ હકીકત ધ્યાને લેતાં આરટીઆઈ એકટની કલમ–૨(એફ) અને ૨(જે) ને અનુલક્ષી અન્ય કોઈ હુકમ કરવાનો રહેતો નથી.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૨ –૧૦

ડે.કમિશ્નર(જનરલ),
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,
(૧) ઝોનલ ચીફ અને જાહેર માહિતી અધિકારી રાંદેર ઝોન....જાણ તથા અમલ માટે.
(૨) શ્રી અલ્કેશ.પી. વાઘેલા